# બં. અ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર,આણંદ કૃષિ યુનીવર્સીટી દ્વારા

# " આંતર  રાષ્ટ્રીય મહિલા દિવસ-૨૦૨૫" ની ઉજવણી

બંસીલાલ  અમૃતલાલ કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનીવર્સીટી, આણંદનાં જેન્ડર કમિટી તથા એન સી સી (ગર્લ્સ) નાં સંયુક્ત ઉપક્રમે  આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ -૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવેલ. જેના સંદર્ભે સૌપ્રથમ હાલ નાં સમયમાં મહિલાઓની સુરક્ષાને ધ્યાને રાખી તા. ૨૪/03/૨૦૨૫ થી ૨૮/03/૨૦૨૫ દરમિયાન એગ્રીકલ્ચર વિદ્યાશાખાની પોલીટેકનીક, યુજી તથા પીજી ની આશરે ૨૦૦ વિદ્યાર્થીનીઓ માટે "સેલ્ફ ડીફેન્સ"ની તાલીમ નું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ શ્રી ચેતન કૂમકીયા, ડાયરેક્ટર, પ્રતિભા એકેડમી, આણંદ દ્વારા આપવામાં આવેલ. આ તાલીમ દરમિયાન વિધાર્થીનીઓએ અલગ અલગ સ્વ બચાવની ટેકનીક વિષે માહિતી મેળવી હતી તથા અણધારી પરિસ્થિતિમાં આત્મવિશ્વાસપૂર્વક કઈ રીતે સામનો કરવો તે અંગે તાલીમ મેળવી.

આ ઉજવણી નાં ભાગરૂપે તા. ૨૯/03/૨૦૨૫ નાં રોજ એક્ષ્પર્ટ લેકચરનું આયોજન કરવામાં આવેલ  જેમાં ડૉ જી. આર. પટેલ, કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ, ડૉ. એન. આઈ. શાહ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બીએસીએ, યુનીવર્સીટી જેન્ડર કમિટીના ચેરપર્સન ડૉ. જાગૃતિ શ્રોફ ઉપસ્થિત રહ્યા હતા. સ્વ -રક્ષણ ની તાલીમ મેળવેલ ૧૭ એન. સી. સી. કેડેટ્સ દ્વારા ડેમો રજુ કરવામાં આવેલ.  ડૉ. જી. આર. પટેલ, કુલસચિવશ્રીએ  મહિલા દિવસનું મહત્વ તથા પ્રાચીન સમય અને હાલના સમયમાં મહિલાઓની સ્થિતિ વિષે ચર્ચા કરી તથા સમાજ વ્યવસ્થામાં બંને જેન્ડરની અગત્યતા વિષે પણ પોતાના વિચારો રજુ કર્યા. ડૉ. એન આઈ શાહે વિધાર્થીનીઓ માટે સ્વ-રક્ષણ ની તાલીમની અગત્યતા તથા સમયે સમયે આવી તાલીમનું મહત્વ  સમજાવ્યું. આ કાર્યક્રમમાં શ્રી. સંજય ડોડીયા, ફાયનાન્સીયલ એડવાઇઝર દ્વારા "Financial Awareness for Women" વિષય પર   વિધાર્થીનીઓ તથા મહિલા કર્મચારીઓ સાથે નાણાકીય જાગરૂકતા વિષે ચર્ચા કરવામાં આવેલ. તેઓએ મહિલાઓ માટે ઉપલબ્ધ વિવિધ નાણાકીય સ્કીમ, નાણાકીય વ્યવસ્થાઓ, ટેક્ષ મેનેજમેન્ટ વિષય ઉપર માહિતી આપી. સાથે જ મહિલાઓને પોતાના  ફંડ્સ કઈ રીતે મેનેજ કરવા તે માટે  વિસ્તૃત સમજ  આપી. અંતમાં ડૉ. સ્નેહા મકવાણા, પ્રાધ્યાપક અને વડા, પ્લાન્ટ બ્રીડીંગ અને જીનેટીક્સ દ્વારા આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ઋચા દવે, સહ પ્રાધ્યાપક તથા એએનઓ એન.સી.સી. ગર્લ્સ દ્વારા કરવામાં આવ્યું.


GPS Map Camera
Anand, Gujarat, India
Google




'INTERNATIONAL WOMEN'S DAY-2025'
EXPERT LECTURE ON





